## ચંડીસર પાસેથી વિદેશી દારુ ભરેલી ઈનોવા કાર ઝડપાઈ

પાલનપુર તાલુકાના ગઢ પોલીસ સ્ટેશન ના વિસ્તાર મા ભુજ રેન્જ આઈ જી ની સુચના ના આધારે આર આર સેલ ની ટીમ પ્રેટ્રોલીંગ મા હતી. દરમિયાન આર આર સેલ ના હેડ કોન્સ. નરપતસિંહ અને અ. હેકો. મહેન્દ્રસિંહ ને મળેલી બાતમી ના આધારે એસઆરપી કેમ્પ તરફ થી આવતી ઈનોવા કાર ને ઉભી રખાવી તપાસ કરતા તેની સીટ ના ભાગેથી અને ડેકીમાથી ભારતીય બનાવટ ના વિદેશી દારુ અને બીયર ની ૧૫૬ બોટલ જેની કિંમત ૪૦૮૦૦ તથા ઈનોવા કાર ની કિંમત ૪ લાખ કુલ મળી ૪લાખ ૪૦હજાર ૮૦૦ નો મુદામાલ કબજે લઈ બે ઈસમો ને ઝડપી લીધા હતા.

## પ્રાંતિજ ખાતે ધારાસભ્યની ઓફિસમાં બેઠેલ કોર્પોરેટર અને ભાજપ શહેર પ્રમુખ પર હુમલો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા ભોઈવાસ વિસ્તારમાં બનાવવામાં આવી રહેલ કોમ્યુનીટી હોલને લઈને ભોઇ સમાજના બે જુથ વચ્ચે રહેલ બોલાચાલી આખરે નગરપાલિકા સુધી પહોચી હતી. જેમાં કોમ્યુનીટી હોલનું કામ નહી થવા દેવાને લઈને એક જુથના કેટલાક ઈસમો એકસંપ થઈને સમાજના યુવક તથા કોર્પોરેટર અને ભાજપ શહેર પ્રમુખને માર મારી લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતાં અગિયાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ભોઈવાસ ખાતે આવેલ મહાકાલી મંદિર પાસે બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલનું કામ નહી થવા દેવા સારૂ એકસંપ થઈ ગુનાહિત કાવતરૂ રચી તેઓને સમાન ઈરાદો પાર પાડવા સ્થળ ઉપર જઈને વિપુલભાઈ કાન્તીભાઈ ભોઇ તથા કાન્તીભાઈ પરષોત્તમભાઈ ભોઇને નઠારી ગાળો બોલી વિપુલભાઈને ગડદાપાટુનો મારમારી તથા આરોપી કુણાલભાઈ મહેશભાઈ ભોઇ વિપુભાઈને માથામાં લોખંડનો સળીયો મારી ઈજા કરી તેમજ ફરીયાદી વિજય પટેલને ઓફિસમાં જઈને હુમલો કરી અંદર ધુસી જઈ ફરીયાદી તથા નગરપાલિકા કોર્પોરેટર તથા બાંધકામ સમિતિના ચેરમેન ધવલભાઈ રાવલને આરોપી રમેશભાઈ મંગાભાઈ ભોઇ, ઉત્તમભાઈ વાસુભાઈ ભોઇ, નિતીનભાઈ અશોકભાઈ ભોઇનાઓએ ધવલભાઈના ગળામાં પહેરેલ સોનાનો દોરો આશરે બે તોલાનો તથા ડાબા હાથે પહેરેલ સોનાની વીંટી આશરે પોણા તોલાની મળી કુલ-૭૫૦૦૦ની મત્તાની લુંટ કરી આરોપી કુણાલભાઈ મહેશભાઈ ભોઈ, વિજયભાઈ અંબાલાલ ભોઈ, મુકેશભાઈ અશોકભાઈ ભોઇ, મહેશભાઈ દેવાભાઈ ભોઈ તથા બીજા ત્રણ ઈસમોએ ઓફિસમાં ખુરસીઓ તથા ટયુબલાઈટ વિગેરેની તોડફોડ કરી નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ ભાઈલાલભાઈ પટેલ દ્વારા પોલિસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે આઈપીસી કલમ- ૩૯૫, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૯, ૪૫૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬, (૨) ૪૨૭ , ૧૨૦ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

## પાલનપુર એલસીબી પોલીસે ૧૭ બાઈક ચોરી કરનાર બે શખ્સોને દબોચ્યા

બનાસકાંઠા એલસીબી પોલીસે વાહન ચોરી કરતી ગેંગને ઝડપી લઈ બે શખ્સોની અટકાયત કરી ૧૭ જેટલા બાઈક કબજે કર્યા છે. બંને શખ્સો બનાસકાંઠાના



કાંકરેજના રહેવાસી અને પાટણ જિલ્લામાંથી બાઈક ચોરી બનાસકાંઠામાં લાવતા હોવાનું બહાર આવ્યું છે. આ અગાઉ પણ પાલનપુર એલ.સી.બી પોલીસે વાહન ચોરી કરતી આંતરરાજ્ય ગેંગને ઝડપી લીધી હતી.

બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયેલો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા દ્વારા આ અંગે કડક કાર્યવાહી કરાતા અગાઉ કાર અને જીપડાલા ચોરી કરતી આંતરરાજ્ય ગેંગને ઝડપી લીધી હતી. જ્યારે પોલીસને પાટણ જિલ્લા માંથી બાઈક ચોરી કરતા વધુ બે શખ્સોને પકડવામાં સફળતા હાથ લાગી છે. બનાસકાંઠા એલસીબી પોલીસ કાંકરેજ તાલુકામાં મિલકત સંબંધી ગુનાની તપાસમાં હતા ત્યારે તેરવાડા ગામની સીમમાંથી શંકાસ્પદ બાઈક સાથે તેરવાડા ગામના શ્રવણજી વિરાજી ઠાકોર અને વડા ગામના રાહુલજી જયંતીજી ઠાકોરને પકડી પુછપરછ કરતા તેઓએ પાટણ જિલ્લામાંથી અનેક બાઈક ચોરી કબુલી હતી. પોલીસે તેઓને પાસેથી કુલ ૧૬ બાઈક અને એક એક્ટિવા મળી રૂપિયા ૫.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.બંન્ને શખ્સો પાટણના જુદા-જુદા વિસ્તારોમાં ફરી બાઈક ચોરી કરી બનાસકાંઠા જિલ્લામાં વેચતા હતા. અત્યાર સુધી પોલીસે ૧૭ જેટલા બાઈક કબજે કર્યા છે. જયારે બંનેના રિમાન્ડ મેળવી હજુ પણ વધુ તપાસ હાથ ધરી છે. જેમાં અન્ય બાઈકની ચોરી પણ ખૂલે તેવી શક્યતાઓ છે.

## ધાનેરા વિસ્તારમાં ધમધમી રહ્યા છે ગેરકાયદેસર ઈંટવાડા

### ઈંટવાડામાં નાના બાળકો પાસે કરાવવામાં આવી રહી છે કાળી મજૂરી : તંત્ર જાગે તેવી લોક માંગ

ધાનેરા વિસ્તારમાં ગેરકાયદેસર ઈંટવાડા ધમધમી રહ્યા છે અને મોટાભાગના ઈંટવાડા ગૌચરની જમીનો ઉપર કરવામાં આવી રહ્યા છે ત્યારે આ બાબતે પર્યાવરણ પ્રેમી લોકોમાં છે તો બીજી સરકાર દ્વારા યથાર્ગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ સરકારી બાબુઓ ની ઢીલી નીતિ ના કારણે સરકાની આ મહેનત ઉપર પાણી ફરી વળતું જોવા મળી રહ્યું છે વાત છે બનાસકાંઠા ઉપયોગ કરી રહ્યા છે શાળાએ જવાના બદલે બાળકોને કાળી મજૂરી કરવી પડી રહી છે ધાનેરા વિસ્તારમાં ધમધમતા ઈંટવાડા મોટા ભાગે ગૌચરની જમીન ઉપર જ કરવામાં આવી રહ્યા છે અને



તરફ આ ઈંટવાડામાં કુમળા અને ફૂલ જેવા નાના બાળકો પાસે પણ કાળી મજૂરી કરાવવામાં આવી રહી છે ત્યારે આ બાબતે ધાનેરા તંત્ર જાગે અને કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ગુજરાત સરકાર બાળ મજૂરી અટકાવવા અને બાળકો શાળાએ જઈ શકે તેના માટે જિલ્લાના ધાનેરા વિસ્તારની કે ધાનેરા વિસ્તારમાં ઠેર-ઠેર ગેરકાયદેસર ઈંટવાડા જોવા મળી રહ્યા છે તંત્રના અધિકારીઓ આ ઈંટવાડા ચલાવનાર સામે કાર્યવાહી કરવાના બદલે તેમને છાવરી રહ્યા છે ત્યારે આ ઈંટવાડા ચલાવનાર ઈસમો મજૂરી માટે નાના અને કુમળા બાળકો નો મોટા પ્રમાણમાં પાણીનો પણ બગાડ કરવામાં આવી રહ્યાંઓ છે ત્યારે ધાનેરા વિસ્તારના લોકોની માંગણી છે કે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર સાહેબ આ બાબતે તટસ્થ તાપસના આદેશ આપે અને બાળકોને કાળી મજૂરીમાંથી મુક્ત કરાવી શાળાએ ભણવા મૂકે તેવી માંગ ઉઠવા પામી છે.

## ડીસામાં આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સગર્ભા મહિલાઓને સુખડીનું વિતરણ

ડીસા, તા. ૧૦

ડીસામાં કાર્યરત શ્રી આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટ અનેક સેવાકીય કાર્યો સાથે સંકળાયેલી છે. ત્યારે સગર્ભા મહિલાઓ અને બાળકોમાં કુપોષણ દૂર થાય તે આશયથી ડીસાના આરોગ્ય વિભાગના સહયોગથી આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે ડીસાની ઝોરબા હોટલ ખાતે સુખડી વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.. આ પ્રસંગે સગર્ભા મહિલાઓને પોતાના આરોગ્યની કેવી રીતે કાળજી રાખવી તે અંગે પણ ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ આ કાર્યક્રમના આયોજકોને અભિનંદન પાઠવી સગર્ભા મહિલાઓને પણ ગર્ભાવસ્થા દરમ્યાન પોતાના આરોગ્ય અંગે ગંભીરતા દાખવવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી ઉપરાંત જીલ્લા ભાજપ ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિત, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, આરોગ્ય વિભાગના વિભાગીય નિયામક ડો. સંઘવી, જીલ્લા આરોગ્ય અધિકારી ડો.અરૂણભાઈ આચાર્ય ,ડીસા ખાતેના તાલુકા આરોગ્ય અધિકારી ડો.જીજ્ઞેશભાઈ હરિયાણી, આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ રામરતનભાઈ સોની, છગનભાઈ સોની, મણીભાઈ પટેલ, હિતેશભાઈ સોની તેમજ અટલ સેનાનાં જીલ્લા પ્રમુખ કાંતાબેન પટેલ, મહામંત્રી જોલીબેન પટેલ તેમજ ઉપાધ્યક્ષ ગીતાબેન મોદી સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યકક્ષાના ધ્વજ વંદન સમારોહને પગલે

## પાલનપુરમાં દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરાઈ

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં રાજ્ય કક્ષાના ધ્વજ વંદન કાર્યક્રમ યોજાનાર છે.જેના ભાગરૂપે પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં દબાણ ઝુંબેસ હાથ વિજય રૂપાણીના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાનાર હોવાથી પાલનપુર નગરપાલિકા દ્વારા પાલનપુર શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.જેમાં



ધરવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં નાના-મોટા ૧૫૦ ઉપરાંતના દબાણો દુર કરી ૬૦ હજાર જેટલો દંડ વસુલવામાં આવતા દબાણકારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં રાજ્ય કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ યોજાનાર છે. મુખ્ય મંત્રી શહેરના એરોમા સર્કલથી ગુરૂનાનક ચોક,સિમલા ગેટ,દિલ્હીગેટ સહીતના વિસ્તારમાં ટ્રાફીકને અડચણરૂપ ૧૫૦ ઉપરાંતના નાના-મોટા દબાણો દુર કરી રૂ.૬૦હજાર ઉપરાંતનો દંડ વસુલવામાં આવતા દબાણ ધારકોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

## માલપુર વાત્રક નદીમાં માછીમારી કરી પેટિયું રળતા લોકો પર વાત્રકડેમના કોન્ટ્રાક્ટરે તરાપ મારી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના માલપુર નજીકથી પસાર થતી વાત્રક નદીમાં વર્ષોથી નદીના આજુબાજુ અને માલપુરમાં રહેતા ગરીબ પરિવારો વર્ષોથી માછીમારી કરી જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે. વાત્રક ડેમમાં ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારીનો કોન્ટ્રાક આપવામાં આવ્યો છે. કોન્ટ્રાક્ટર દ્વારા મનમાની કરી ગરીબ પરિવારોને માછીમારી કરવાની ના પાડવામાં આવતા અને ગરીબ પરિવારો માછીમારી કરે તો માછીમારી કરવામાં માટે ઉપયોગમાં લેવામાં



આવતી જાળ સહીત માલસામાન પણ છીનવી લેવામાં આવતા ગરીબ પરિવારોની રોજી રોટી છીનવાતા ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગત ગરીબ પરિવારોને ન્યાય અપાવવા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ગરીબ માણસોને ન્યાય આપવાની માંગ કરી હતી.

માલપુર તાલુકામાં ગરીબ પરિવારો વાત્રક નદીમાં વર્ષોથી માછીમારી કરીને પોતાના પરિવારનું ગુજરાત ચલાવે છે. વાત્રક ડેમમાં માછીમારીનો કોન્ટ્રાકટ ધરાવતા કોન્ટ્રાક્ટરની મનમાની અને દાદાગીરીના પગલે ગરીબ પરિવારો પર આભ તૂટી પડ્યું છે. માલપુરની વાત્રક નદીમાંથી માછીમારી કરતા પરિવારોની માછીમારી કરવા જતા કોન્ટ્રાક્ટરે માછલી પકડવાની સાધન સામગ્રી છીનવી લેવાઈ હતી અને વાત્રક નદીમાં માછીમારી કરતા પરિવારોને ધાક ધમકી આપવામાં આવતા માછીમારી કરતા પરિવારોએ ગુરુવારે જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપી ન્યાયની માંગ કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર જે મત્સઉદ્યોગના કોન્ટ્રાક્ટરોને વાત્રક ડેમનો કોન્ટ્રાક આપવામાં આવ્યો છે અને માલપુરથી વાત્રક ડેમ પંદર કિલો મિટર દૂર છે તેથી આ કોન્ટ્રાક્ટરોને માલપુર સીમમાં આવેલી નદીનો હક્ક નથી લાગતો, તેમ છતાં કોન્ટ્રાક્ટરો મનમાની ચલાવી રહ્યા છે. માછીમારી બંધ થતા પરિવારનું ગુજરાન ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગતે માછીમારી કરતા પરિવારોના સમર્થનમાં ગરીબ પરિવારોને સત્વરે ન્યાય અપાવવાની માંગ કરી મનમાની કરતા કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવાની માંગ સાથે વાત્રક નદીમાં ગરીબ પરિવારોને માછીમારી કરતા અટકાવવામાં આવશે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## કુશ્કલમાં સગીરાને ભગાડી જનાર આરોપીને ઝડપી લેવા માંગ

પાલનપુર, તા. ૧૦

પાલનપુર તાલુકાના કુશ્કલ ગામમાંથી દશ દિવસ અગાઉ એક સગીરાનું અપહરણ થયું હતું. જે અંગે સગીરાના પરીવારે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી. છતા આજદિન સુધી ભાળ ન મળતા આદિવાસી પરિવાર પાલનપુર દોડી આવ્યો હતો. જ્યાં જીલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

## ખેડબ્રહ્માની રોધરા પંચાયત સમરસ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહમા તાલુકામાં ચાર પંચાયતની સામાન્ય ચૂંટણી અને એક પંચાયતના વોર્ડની પેટા ચૂંટણી ૩૧ડિસેમ્બરે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જે અંતરગત ચૂંટણી લડવા માંગતા ઉમેદવારો તૈયાર થઈ ગયા હતા.

૫મી જાન્યુઆરી સુધી ઉમેદવારી કરવાની હોય તે દિવસે ઉચીધનલમાં સરપંચ માટે ૬, પરોયમાં ૭, તુવેરમાં ૮ અને રોધરામાં ૩ ફોર્મ ભરાયા હતા. ૮ મી જાન્યુઆરીએ ફોર્મ પરત ખેંચવાના દિવસે રોધરા પંચાયતમાં સરપંચના ૨ અને વોર્ડના ફોર્મ પરત ખેંચાતા પંચાયત સમરસ થઈ હતી.

જ્યારે ઉચીધનલ પંચાયતમાં સરપંચની ઉમેડવારીમાં ૨ પરત ખેંચાતા ૪ ફોર્મ બાકી રહેતા સામાન્ય સ્ત્રી સીટ માટે, જ્યારે પરોયા પંચાયતમાં ૨ ફોર્મ ખેંચાતા ૫ ઉમેદવારો બક્ષીપંચ સામાન્ય સીટ માટે, તુવેર પંચાયતમાં ૨ ફોર્મ ખેંચાતા ૬ ઉમેદવારો આ.જ.જા. સ્ત્રી સીટ માટે ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે, જ્યારે ખેરોજ પંચાયતના વોર્ડ ૩ની પેટ ચૂંટણીમાં કોઈ ફોર્મ ભરાયું ન હતું.

## પતિએ પેટ પર તીક્ષ્ણ છરાથી હુમલો કરતા ગર્ભમાં રહેલ બાળકીનું મોત

### મેઘરજના મોટી મોરી ગામે ગર્ભવતી મહિલા પર

મોડાસા, તા.૧૦

અરવલ્લી જીલ્લાના મેઘરજના બોરખાડ ગામની ગર્ભવતી મહિલા ગર્ભાવસ્થાના અંતિમ દિવસોમાં પિયર મોટી મોરી ગામે આરામ કરવા ગઈ હતી ત્યારે તેનો પતિ મહિલાના પિયરમાં



પહોંચી પોતાના ઘરે સાથે આવવા બાબતે રકજક બાદ એકાએક પતિના માથે ઝનૂન સવાર થતા ગર્ભવતી મહિલાને મારી નાખવાના ઈરાદા સાથે ધારદાર છરો ભોંકી દેતા ઉદરમાં રહેલ બાળકનું મોત નીપજ્યું હતું મહિલાની હાલત ગંભીર બનતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાઈ હતી પતિએ જાતે પેટના ભાગે છરો મારી દેતા તેને પણ સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો ચકચારી ઘટનાના પગલે ઈસરી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મેઘરજ તાલુકાના મોટી મોરી ગામના લાલજીભાઈ નવાભાઈ ડેડુણ ની પુત્રી શકુંતલા બેન સમાજના રીતરિવાજ મુજબ બોરખાડ ના જગદીશ ચીમનભાઈ ડામોર સાથે લગ્નગ્રંથી થી બંધાયા હતા સુખરૂપ સંસારના ભાગરૂપે શકુંતલાબેન ગર્ભવતી થતા ગર્ભાવસ્થાના છેલ્લા દિવસોમાં તેમના પિયર મોટી મોરી ગામે આરામ પર આવ્યા હતા ત્યારે સોમવારે બપોરે તેમનો પતિ પિયર પહોંચી શકુંતલાને સાસરી લઈ જવાની જીદ કરતા પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ શાકુન્તલાબેને ડીલેવરી પછી આવીશ કહેતા જગદીશનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો અને માથે જાણે કાળ સવાર થયો હોય તેમ હું તને મારી નાખીસ અને હું પણ મારી જઈશ કહી ધારદાર છરો પત્નીના પેટમાં ભોંકી દેતા અને જાતે પણ પેટમાં છરો હલાવી દીધો હતો

બંને પતિ-પત્નીને સારવાર અર્થે દવાખાને ખસેડાતા મહિલાની હાલત ગંભીર બનતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી છરો વાગતા ઉદરમાં રહેલ ૮ મહિનાની બાળકીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી ચકચારી ઘટનાને પગલે દોડી આવેલી ઈસરી પોલીસે શકુંતલા બેનની ફરિયાદના આધારે તેમના પતિ જગદીશ ભાઈ ચીમનભાઈ ડામોર (રહે, બોરખાડ) વિરુદ્ધ ઈ.પી.કો કલમ-૩૦૭,૩૧૬ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જગદીશે જાતે પેટમાં છરો હલાવી દેતા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર ચાલુ હોવાથી ઈસરી પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

## મોડાસાના પ્રમુખધામ કોમ્પલેક્ષ પાસેથી શ્રમિક પુરુષનો લોહી-લુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો

મોડાસા, તા.૧૦

મોડાસાના માલપુર રોડ પર કોર્ટ નજીક ફૂટપાથ પર પડી રહેતા શ્રમિક પરિવારો ના એક આધેડ શ્રમિકનો મૃતદેહ ૫૦૦ મીટર દૂર આવેલા પ્રમુખધામ કોમ્પ્લેક્ષના પરિસરમાં લોહીલુહાણ હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી હતી શ્રમિક પરિવારો ઘટનાસ્થળે દોડી આવી મોડાસા ટાઉન પોલીસ ને હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરતા મોડાસા ટાઉન પોલીસે મૃતકની લાશને પી.એમ માટે મોકલી આપી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી આધેડ શ્રમિક ને ઉંઘેલી હાલત માંજ મોત ને ઘાટ ઉતારવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે માલપુર રોડ પર કોર્ટ નજીક અને એસ.પી કચેરીના પ્રવેશદ્વાર રોડ પર પડી રહેતા શ્રમિક પરિવારો મોટે ભાગે રાત્રીના સુમારે દારૂના નશામાં બાથમબાથી કરતા અને બિભસ્ત ગાળો બોલતા હોવાથી રાહદારીઓ પણ મૂંઝવણ અનુભવતા હોય છે.

મોડાસાના માલપુર રોડ પર કોર્ટ બહાર ફૂટપાથ પર પડી રહેતા શ્રમિક પરિવારો રમકડાં,ગુબ્બારા વેચી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે



શ્રમિક પરિવારનો ચીમન ભારમર વાઘેલા (ઉં.વર્ષ-૫૦) નામના આધેડની બુધવારે સવારના સુમારે સુતેલી લોહી લુહાણ હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી શ્રમિકની લાશ પડી હોવાની જાણ થતા શ્રમિક પરિવાર દોડી આવી રોક્કોકળ કરી મૂકી હતી અને ચીમન વાઘેલાની હત્યા કરવામાં આવી હોવાનું મોડાસા ટાઉન પોલીસને જણાવતા ઘટનાસ્થળે દોડી આવેલ ટાઉન પી.આઈ દરજીએ મૃતકની લાશને પી.એમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ દરજીના જણાવ્યા અનુસાર મૃતક શ્રમિક ની હત્યા થઈ છે કે અન્ય કોઈ કારણસર મોત નીપજ્યું છે તે પોર્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા પછી ખબર પડશે.

## હિંમતનગરમાં તલવારથી કારના કાચ તોડી નંખાતા બે વિરૂદ્ધ ફરીયાદ

### બાઈક પર આવેલા શખ્સોએ ૨૫ હજારનું નુકસાન કર્યાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં ગાયત્રી મંદિર રોડ પર આવેલ એક પરીવારના મકાન આગળ પાર્ક કરેલ કારના બે શખ્સોએ મંગળવારે બાઈક પર આવી કારના કાચ તોડી ભાગી જતા બંને જણા વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી.

આ અંગે હેતલબેન ભાવેશકુમાર જયસ્વાલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે અગમ્ય કારણોસર હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં રહેતા વિક્કી નરેશભાઈ ભાટ અને આકાશ અશોકભાઈ ભાટે બાઈક પર આવીને હેતલબેનના ઘર આગળ પાર્ક કરેલ ઈકો કાર નં. જીજે૦૯.બીડી.૬૭૪૮ પર તલવારથી હુમલો કરી કારના આગળના અને પાછળના કાચ તોડી નાંખ્યા હતા.

જે અંગે હેતલબેનને ખબર પડતા તેણીએ બુમાબુમ કરતા આ બંને જણા ભાગી ગયા હતા. ત્યારબાદ હેતલબેને તેમના પતિ ભાવેશકુમાર જયસ્વાલ અને જેઠ ભારતેશભાઈને જાણ કરતાં બંને જણા ઘરે દોડી આવ્યા હતા. ત્યારબાદ તેમના ઘર સામે રહેતા દિગ્વિજયસિંહ ચંપાવતના ઘરે લગાવેલ સીસીટીવી કેમેરાના કુટેજના આધારે આ બંને જણાને ઓળખી લઈ તલવારથી ઈકો કારના કાચ તોડી નાખી રૂ. ૨૫ હજારનું નુકસાન પહોંચાડતા હેતલબેન જયસ્વાલે બુધવારે બંને જણા વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીઝન પોલીસસ્ટશનમાં ફરીયાદ નોંધાવી હતી.